# સત્સંગ સમાચાર

## દીપમ પટેલની અનોખી સિદ્ધિ

આણંદ અને જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયના પૂર્વ કુલપતિ અને મુક્તરાજ ડૉ. એન. સી. પટેલના દીકરા હાલમાં અમેરિકાના દીપમ પટેલને ઈન્ટર સર્વિસ/ઈન્ડસ્ટ્રી ટર્નિંગ, સિમ્યુલેશન એન્ડ એજ્યુકેશન કૉન્ફરન્સ (I/ITSEC)માં હાજરી આપવાની તક મળી. આ મૉડેલિંગ, સિમ્યુલેશન અને ટ્રેનિંગ માટે વિશ્વની સૌથી મોટી અને સૌથી પ્રભાવશાળી પરિષદ છે, જેમાં અમેરિકાના આર્મી, નેવી અને ઍર ફોર્સ સહિતના મહત્ત્વના સરકારી વિભાગો પણ ભાગ લે છે.




આ પ્રસંગે દીપમ પટેલે પરડ્યુ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરતા આ મંચ પર તેમની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને રૉબોટિક્સ વિષયક સંશોધન યોજનાઓ રજૂ કરી. તેઓએ ત્યાં બૉસ્ટન ડાયનેમિક્સના સ્પૉટ રૉબોટ સાથે ડાન્સ ડેમો પણ આપ્યો ! નવીનતા, સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસનો અદ્‌ભુત સંગમ દીપમ પટેલે પ્રસ્તુત કર્યો, જેને ભવ્ય પ્રતિસાદ મળ્યો અને સૌએ ખૂબ સરાહના કરી. આવા સત્સંગના આપણા યુવાનો, સાહેબજીના સેનાનીઓ-સૌ માટે પ્રેરણાસ્રોત છે. દીપમ પટેલને તેમની આ અનેરી સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન ! ◆

## રિચમંડ ખાતે યુવાઓનું હૉલિડે ગેધરિંગ

અનુપમ મિશન, રિચમન્ડ ખાતે ૭ ડિસેમ્બરના રોજ યોજાયેલા એક સુંદર યૂથ ઈવેન્ટ-હૉલિડે ગેધરિંગમાં ૩૦થી વધુ યુવાઓ ભેગા થયા અને રમતો, સ્વાદિષ્ટ ભોજન તથા આધ્યાત્મિક સત્રોથી સજ્જ એવી સભાઓનો આનંદ માણ્યો. સિનિયર યૂથ લીડર્સ શિવાની, અંજલિ અને દિયાએ આ કાર્યક્રમનાં આયોજનની જવાબદારી ઊભરતા યૂથ લીડર્સને સોંપી અને માર્ગદર્શન પૂરું પાડ્યું. સૌએ સાથે મળીને ઑસ્ટ્રેલિયાના યૂથ દ્વારા તૈયાર કરાયેલ પ્રૅઝન્ટેશન દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના મૂળભૂત સિદ્ધાંતો વિશિષ્ટ શૈલીમાં રજૂ કર્યા અને સૌએ સંતભગવંત સાહેબજીનાં જીવન અને કાર્યોને વધુ ઊંડાણથી સમજવા પ્રયત્નો કર્યા. ઈન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓ દ્વારા અનુપમ મિશનના મહત્ત્વના માઈલસ્ટૉન્સનો ટાઈમલાઈનરૂપે અભ્યાસ કર્યો અને સાથે સંતભગવંત સાહેબજીના આશીર્વાદને પણ માણ્યા. આ પ્રસંગે પધારેલા યૂથ લીડર્સ મહર્ષિભાઈ, મિહિરભાઈ અને રાજવીબહેને શિક્ષણ અને અધ્યાત્મના સમન્વય સાથે જીવન જીવવા તથા વિવિધ કલા-કૌશલ્યો વિકસાવી સર્વાંગે સુંદર અને સક્રિય બનવા માર્ગદર્શન આપ્યાં. સૌ યુવાઓએ ખૂબ સક્રિયતા સાથે સમગ્ર સત્રોમાં ભાગ લીધો અને સંતભગવંત સાહેબજીએ શીખવેલ પાયારૂપ જ્ઞાનસંદેશને જીવનમાં વણી, જીવતર ઊજળું બનાવવા સેવા-ભક્તિના ક્ષેત્રે આગળ વધવા કટિબદ્ધ થયાં. ◆

## ગુરગૌલા સ્થિત મંદિર પાટોત્સવ

સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી વડીલ સાધુ પૂ. ઉમેશદાસજી, પૂ. પંકજદાસજી, પૂ. નિખિલદાસજી અને પૂ. દીપદાસજી ૨૯ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ઉત્તર પ્રદેશના અનુપમ મિશનના કેન્દ્ર ગુરગૌલાની સત્સંગયાત્રાએ પધાર્યા. નિષ્ઠાવાન અક્ષરમુક્ત શ્રી કે. સી. સિંઘસાહેબના સંકલ્પે તથા ગુરુહરિ સંતભગવંત સાહેબજીના આશીર્વાદથી ગુરગૌલામાં નિર્મિત મંદિરના ૨૪મા પાટોત્સવ નિમિત્તે આ સંતોએ પ્રથમ પ્રયાગરાજ પધારી સ્થાનિક ભક્તોને સત્સંગનો લાભ આપ્યો અને ૧ ડિસેમ્બરે ગુરગૌલા પધાર્યા. સ્થાનિક ભક્તોએ ખૂબ ભક્તિભાવથી સત્કાર્યા. 'યોગીરાજ પરિસર'માં મંદિરમાં શ્રી ઠાકોરજીનાં સાંનિધ્યે સાંજે સભામાં સૌ એકત્ર થયાં. ધૂન-પ્રાર્થના અને કીર્તનભક્તિ અર્પણ કર્યા બાદ સાધુ પૂ. પંકજદાસજીએ સુંદર સત્સંગલાભ આપ્યો. ૨ ડિસેમ્બરના રોજ ગુરગૌલામાં સ્થાનિક ભક્તોના ઘરે પધરામણીઓ કરી સંતોએ ધૂન-પ્રાર્થના કરી.

ગુરગૌલામાં 'સાહેબજી ફાઉન્ડેશન ટ્રસ્ટ' અંતર્ગત સ્વાસ્થ્ય, સંસ્કાર અને શિક્ષણલક્ષી વિવિધ પ્રવૃતિઓ ચાલી રહી છે. સ્થાનિક પ્રદેશની સ્કૂલનાં બાળકોને દર વર્ષે 'શ્રી સ્વામિનારાયણ પ્રતિભા ખોજ પુરસ્કાર



સંતોનાં સાંનિધ્યે ગુરગૌલા સ્થિત મંદિરજીની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન

અને અનુપમ છાત્રવૃત્તિ પુરસ્કાર' અર્પણ કરવામાં આવે છે. આ બાળકોને ૩ ડિસેમ્બરની સવારે એકત્ર કરી સત્સંગલાભ આપ્યો. સાંજે સભામાં સ્થાનિક ભક્તો અને વિશેષ યુવતીઓ દ્વારા કીર્તન આરાધના સાથે નૃત્યભક્તિ અર્પણ થઈ. સંતોએ સૌ પર આશીર્વાદ વરસાવી પ્રસન્નતા વ્યક્ત કરી. ૪ ડિસેમ્બર, માગશર સુદ પૂર્ણિમા-ગુરગૌલા મંદિરનો પાટોત્સવ યોજાયો. ચાર યજમાન યુગલો દ્વારા પાટોત્સવ પૂજાવિધિ અર્પણ થઈ. ત્યારબાદ પાટોત્સવ સભામાં કીર્તનભક્તિ બાદ પાયલ સિંઘ, સિંઘ સાહેબે મહિમાગાન કર્યાં. વડીલ સાધુ પૂ. ઉમેશદાસજી અને સાધુ પૂ. પંકજદાસજીએ આશીર્વાદ પ્રદાન કર્યા. સભા બાદ ઉપસ્થિત વિજેતાં બાળકોને સ્મૃતિભેટ સાથે સ્કોલરશિપ અર્પણ કરવામાં આવી. ત્યારબાદ ઉપસ્થિત સૌ ભક્તો મંદિરમાં શ્રી ઠાકોરજી સમક્ષ પધાર્યા અને ૧૨૧ વાનગીઓનો અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો. સમગ્ર ઉત્સવમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભેગા મળીને સત્સંગલાભ લીધો. સાંજે સંતોએ સ્થાનિક ભક્તોનાં ઘરે પધારી મહાપૂજા અને ધૂન-પ્રાર્થના અર્પણ કર્યાં. ૫ ડિસેમ્બરના રોજ સંતોએ કાનપુર પધારી સ્થાનિક ભક્તોના ઘરે પધરામણી, મહાપૂજા તથા ધૂન-પ્રાર્થનાઓ કરી. ૬ ડિસેમ્બરના રોજ કબ્રાહા, જામ આદિ ગામોમાં તથા ૭ ડિસેમ્બરના રોજ ધવાડા ગામે પધારી સ્થાનિક ભક્તોને સત્સંગલાભ પ્રદાન કર્યો. સાંજે પ્રયાગરાજ પધાર્યા. ૮ ડિસેમ્બરના રોજ સ્થાનિક ભક્તોના ઘરે પધરામણી, મહાપૂજા અને ધૂન-પ્રાર્થનાઓ કરી. સૌની ભાવભરી વિદાય સ્વીકારી ૯ ડિસેમ્બરના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી પધારવા પ્રયાણ કર્યું. ◆

## ઉપાસનાધામ, શિણાયની મૂર્તિઓનો પાટોત્સવ

અનુપમ મિશનના ઉપાસના ધામ, શિણાય ખાતે ૯ ને ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, વડીલ સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. અશોકદાસજી તેમજ માણાવદરના સાધુ પૂ. ભરતદાસજી, પૂ. અશોકદાસજી (એ. ટી.) અને પૂ. હરેશદાસજીનાં સાંનિધ્યમાં ભક્તિ-ઉત્સવોની ઉમંગભેર ઉજવણી સંપન્ન થઈ. ૯ ડિસેમ્બરના રોજ સૌ સંતોનું બાળસભાનાં દીકરા-દીકરીઓએ અને નીલકંઠવર્ણી વિદ્યાલયની દીકરીઓએ ભાવથી રાસ કરીને ભવ્ય સ્વાગત કર્યું. ત્યારબાદ કીર્તન-આરાધના અર્પણ થઈ, જેમાં યુવાન દીકરા-દીકરીઓએ બે કલાક સુધી ભક્તિરસમાં સૌને તરબોળ કર્યાં અને પૂ. અશોકદાસજીએ પોતાના સુમધુર કંઠે સરસ ભજનો સંભળાવી સૌ ભક્તોને આનંદ કરાવી વાતાવરણ દિવ્ય કરી દીધું. આ પ્રસંગે પૂ. હરેશદાસજી, પૂ. અશોકદાસજી અને પૂ. મનોજદાસજીએ આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે ભચાઉથી શ્રી રુદ્રાંશજી મહારાજ પધાર્યા અને તેઓએ સુંદર આશીર્વાદ આપ્યા. અંતે સૌએ સમૂહ આરતીનો લાભ લીધો.



ઉપાસના ધામ, શિણાયમાં પાટોત્સવ પૂજન પ્રસંગે અન્નકૂટ અર્ઘ્ય અર્પણ

૧૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સવારે દ્વિતીય પાટોત્સવની મહાપૂજા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતોનાં દિવ્ય સાંનિધ્યમાં યુવાન રાહુલભાઈએ ખૂબ જ ભાવથી કરાવી. પાટોત્સવની મહાપૂજામાં ૨૧ યુવાનોએ ભાગ લીધો. પાટોત્સવ પૂજન બાદ અન્નકૂટ અર્ઘ્ય ધર્યો, જેમાં ૧૦૦ જેટલી વાનગીઓ શ્રી ઠાકોરજી મહારાજને ધરવામાં આવી. પાટોત્સવની સભામાં સૌ યુવાનોએ પોતાનાં પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંતભગવંત સાહેબજીએ શિણાય ઉપાસના ધામમાં પોતાના સ્વહસ્તે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની આરસની મૂર્તિઓ પધરાવીને પ્રાણ પૂર્યા અને આશીર્વાદ આપ્યા કે, 'અહીં આવીને જે કોઈ પણ સંકલ્પ-પ્રાર્થના કરશે તે ભગવાન સાકાર કરશે જ' તે અનુસાર સૌ યુવાનોએ પોતાના જીવનમાં જે અનુભવો થયા તેની વાતો કરી. ત્યારબાદ પૂ. અશોકદાસજી, પૂ. ગૌતમદાસજી અને પૂ. મનોજદાસજીએ રૂડા આશીર્વાદ આપ્યા. અંતમાં શ્રી ઠાકોરજી મહારાજને થાળ ધરાવીને સમૂહ આરતી અર્પણ કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતોની નિશ્રામાં સૌએ અલૌકિક આનંદ કર્યો. ◆

## સંતભગવંત સાહેબજીને માનદ ડૉક્ટરેટની પદવી એનાયત

સંતભગવંત સાહેબજીને તેઓનાં નિઃસ્વાર્થ પરમાર્થી સેવાકાર્યો બદલ ભારતની સુપ્રસિદ્ધ વલ્લભવિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા તેના ૬૮મા દીક્ષાંત સમારોહમાં ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ડૉક્ટર ઑફ લેટર્સ (D. lit)ની માનદ પદવી અર્પણ કરવામાં આવી. ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્ય અતિથિ ડૉ. મીનેશ શાહ (ચૅરમૅનશ્રી, એન.ડી.ડી.બી., આણંદ), ડૉ. નિરંજન પટેલ (કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર) તેમજ વિવિધ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રીઓ, ગણમાન્ય મહાનુભાવો, સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રાધ્યાપકો, શ્રેષ્ઠ

વિદ્યાર્થીઓ તથા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાસજી, સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી સાથે સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં ખૂબ આદરપૂર્વક સંતભગવંત સાહેબજીને આ ડિગ્રી અર્પણ કરાઈ. સમાજસેવાના ક્ષેત્રે તથા સાહિત્યક્ષેત્રે કરાયેલ નોંધપાત્ર કાર્યોને બિરદાવવા ગૌરવશાળી વ્યક્તિત્વને આ ડિગ્રી અર્પણ કરાય છે, જેને સ્વાભાવિક જ ખૂબ મોટું સન્માન ગણવામાં આવે છે. સંતભગવંત સાહેબજીનાં કાર્યોની સુવાસ સ્વાભાવિક જ વિશ્વસમસ્તમાં સૌનાં હૈયે સ્પર્શી છે. તેથી સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી અને કમિટી દ્વારા સંતભગવંત સાહેબજીની પસંદગી તેઓના વર્ષ ૨૦૨૫ના પદવીદાન સમારોહ માટે કરવામાં આવી.

વળી, સંતભગવંત સાહેબજી સરદાર પટેલ યુનિવર્સિટીના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી રહી ચૂક્યા છે. તે અર્થમાં યુનિવર્સિટીને પણ તેના ગૌરવવંત વિદ્યાર્થીને બિરદાવવાનો મોકો આ પ્રસંગે પ્રાપ્ત થયો. ખરેખર તો, M.Sc.નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સંતભગવંત સાહેબજીએ Ph.D. માટે રજિસ્ટ્રેશન કરાવી ઘણું ખરું રિસર્ચ વર્ક પૂરું કર્યું હતું. યોગીજી મહારાજને રાજી કરવાની ભાવનાને કારણે તેઓના આધ્યાત્મિક કાર્યને વહેતું રાખવા તેઓ અભ્યાસ કરતા કરતા પણ પ્રયત્નશીલ રહ્યા અને સમય એવો આવ્યો કે, થીસિસ લખ્યા વિના રિસર્ચ અધૂરું મૂકી દેવું પડ્યું. યોગીબાપાને રાજી કરવા પદવી છોડી તો યોગીબાપાની કૃપાથી યુનિવર્સિટીએ સામેથી આમંત્રણ આપીને પદવી અર્પણ કરી. આમ, ગુરુને પ્રસન્ન કરવા તેઓની આજ્ઞા-અનુવૃત્તિથી જે છોડ્યું તેને વધુ પવિત્ર અને દિવ્ય બનાવી યોગીબાપાએ પરત આપ્યું અને તે પણ પોતાની અને સૌની દિવ્ય અને આધ્યાત્મિક ઉન્નતિ થાય તે પ્રકારે ! જેનો અનુભવ કરાવતો આ પદવીદાન સમારોહ જીવંત પુરાવો અને સાક્ષી બન્યો. સંતભગવંત સાહેબજીને માનદ્ ડૉક્ટરેટની પદવી અર્પણ કરી સરદાર પટેલ યુનિવર્સિટીએ પોતાનાં ગૌરવ અને વિદ્યાતેજનાં સંવર્ધન કર્યાં ! સરદાર પટેલ યુનિવર્સિટીને ધન્યભાવ સહ વધામણી ! સરદાર પટેલ યુનિવર્સિટીના સર્વાંગી વિકાસ માટે શુભ પ્રાર્થનાઓ ! ◆



મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા સાહેબજીને માનદ્ ડૉક્ટરેટની પદવી અર્પણ

## ઇંગ્લૅન્ડમાં વિન્ટર યૂથ રિટ્રીટ

અનુપમ મિશન, ઇંગ્લૅન્ડ ખાતે યોજિત પ્રથમ વિન્ટર યૂથ રિટ્રીટ આનંદ, ઉત્સાહ અને પરસ્પર સૌહાર્દસભર કાર્યક્રમોથી સભર રહી. સાધુ પૂ. હિંમત સ્વામીજી અને ભાવિશાબહેનનાં માર્ગદર્શન હેઠળ યુવાનેતાઓ શ્યામ, ડેનિશા, આશકા અને જેસન દ્વારા વિવિધ રસપ્રદ સૅશનનાં આયોજન કરવામાં આવ્યાં. શિબિર દરમિયાન સૌ યુવાનોમાં સર્જનાત્મકતા, ટીમવર્ક અને ઉત્સાહ સહજ જોવા મળ્યો તેમજ સૌએ રિટ્રીટના મુખ્ય વિષય 'મહિમા' અંગે ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

૨૬ ડિસેમ્બર ૨૦૨૫થી રિટ્રીટનો આરંભ થયો. ઉદ્‌ઘાટન સભામાં ભાવિશાબહેને ગુરુની આજ્ઞાનું પાલન, સેવા, ગોષ્ઠિ, સત્સંગ તેમજ ભગવાન અને ગુરુ સાથેની નિષ્ઠા અને સંબંધને મજબૂત બનાવવાની સુંદર સમજ આપી. રાત્રે શ્યામ દ્વારા યોજાયેલ રમૂજી ગૅમ્સ નાઇટ કાર્યક્રમમાં સૌએ રમતગમતનો આનંદ લીધો.

૨૭ ડિસેમ્બરની શરૂઆત આરતી અને પૂજાથી થઈ, જેનું આયોજન આશકા અને બાદલભાઈએ કર્યું. ત્યારબાદ જેસન દ્વારા આયોજિત મનોરંજક આઇસબ્રેકર પ્રવૃત્તિમાં સૌએ લાભ લીધો. સાધુ પૂ. નીલેશદાસજી અને ભાવિશાબહેને વચનામૃત ગઢડા પ્રથમ ૫૯નું સુંદર રીતે વર્ણન કરી માર્ગદર્શન આપ્યું. ડેનિશા દ્વારા યોજાયેલ ઇન્ટરેક્ટિવ સૅશનમાં યુવાઓનાં જુદાં જુદાં ગ્રુપ દ્વારા ગુણાતીત સ્વરૂપોના જીવનપ્રસંગોને સર્જનાત્મક રીતે રજૂ કર્યા. દીપ દ્વારા યોજાયેલ પ્રવૃત્તિમાં યુવાનો દ્વારા વિવિધ ભક્તો-સંતોના મહિમા રજૂ કરવામાં આવ્યા. દિવસનો અંત લંડનમાં ક્રિસમસ લાઇટ્સ જોવા માટેની ઉત્સાહભરી મુલાકાત સાથે થયો.

૨૮ ડિસેમ્બર, રવિવારે આરતી અને પૂજા બાદ ભજન અંતાક્ષરી રમાઈ. ત્યારબાદ આશકા અને શ્યામ દ્વારા ગોઠવાયેલ અંતિમ સૅશનમાં સંતભગવંત સાહેબજીના જીવન પર આધારિત પ્રશ્નોત્તરી યોજાઈ, જેમાં ભાવિશાબહેન દ્વારા ખાસ પ્રસંગોની ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી. આ રિટ્રીટ દરમિયાન સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના આશીર્વાદ પણ પ્રાપ્ત થયા. યુવાનેતાઓ દ્વારા આયોજિત પ્રવૃત્તિઓ વિશે જાણી તેઓ અત્યંત પ્રસન્ન થયા. આ રિટ્રીટનો સૌને યાદગાર અને આધ્યાત્મિક રીતે ઉજાસભર્યો અનુભવ રહ્યો, જેમાં મનોરંજન અને રમતગમત સાથે યુવાનોને મહિમાની ઊંડી સમજ પ્રાપ્ત થઈ. ◆

## યોગી યૂથ લીડરશિપ રિટ્રીટ-૨૦૨૫

યુવાપેઢીનાં સર્વાંગી ઘડતર માટે સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી યોગી યૂથ લીડરશિપ રિટ્રીટ ૨૬-૨૯ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન અમેરિકાના યુવાલ્ડે, ટેક્સાસ ખાતે સાધુ પૂ. જયેશદાસજી અને પૂ. આશિષદાસજીનાં દિવ્ય સાંનિધ્યમાં ભક્તિસભર રીતે યોજાઈ. સેન એન્ટાનિયો, ડલાસ અને લુસિયાના મંડળના સૌ ભક્તો અને સંજયભાઈ-વૈશાલીબહેનના સમગ્ર પરિવારે યુવાન-યુવતીઓને ઘર જેવું દિવ્ય વાતાવરણ આપી ખૂબ પ્રેમથી આવકાર્યાં. આ વર્ષની લીડરશિપ રિટ્રીટનો થીમ "સેવા ઈન એક્શન, રાજીપો ઈન મોશન" રાખવામાં આવ્યું હતું. આ રિટ્રીટમાં નોર્થ અમેરિકાનાં વિવિધ કેન્દ્રોમાંથી લગભગ ૪૫ જેટલા યૂથ લીડર્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

૨૬મી ડિસેમ્બરની ઢળતી સંધ્યાએ આવાહ્‌ન શ્લોક, ધૂન તથા ભજન દ્વારા શિબિર ઉદ્‌ઘાટન સભાની શરૂઆત થઈ. સાધુ પૂ. જયેશદાસજી, પૂ. આશિષદાસજી, સંજયભાઈ, પ્રકાશભાઈ, મિતુલભાઈ તથા દેવાંશી, શિવ, મિહિતા, અને માલ્યાએ દીપપ્રાગટ્ય કરી રિટ્રીટનો શુભારંભ કર્યો. મહર્ષિભાઈએ સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકાર આપ્યો. ત્યારબાદ સંતોનાં આશીર્વાદ અને માર્ગદર્શન પ્રૅક્ટિકલ પ્રશ્નના ઉત્તર સ્વરૂપે પ્રાપ્ત થયાં. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પરમ પૂ. મનોજદાસજીએ વિડીયો દ્વારા રૂડા આશીર્વાદ પાઠવ્યા. રાત્રે સત્સંગલક્ષી પ્રવૃત્તિમાં સૌએ ખૂબ આનંદ કર્યો.

૨૭ ડિસેમ્બરની મંગલ પ્રભાતે સૌએ ભેગાં મળી સમૂહધૂન દ્વારા દિવસનો શુભ આરંભ કર્યો. પ્રથમ સત્રમાં ગુરુહરિ સાહેબદાદાના લીડરશિપના વિવિધ ગુણો વિષે ભક્તિ ને રાજવીએ સુંદર વિડીયોદર્શન કરાવ્યું. ત્યારબાદ યશવી, બંસરી, મહર્ષિભાઈ અને ભાવિષાબહેને આ ગુણો આધારિત પોતાના જીવનના હૃદયસ્પર્શી પ્રસંગો કહ્યા. મોનિકા અને વિવેકે ડિસ્કશન આધારિત ઈન્ટરેક્ટિવ ઍક્ટિવિટી કરાવી. મિત અને જયે સાધુ પૂ. જયેશદાસજી અને પૂ. આશિષદાસજી સાથે પોડકાસ્ટ કરી સૌને આનંદ કરાવ્યો. બૉન્ડિંગ સૅશનમાં સાત્વી અને જયતીએ ઈન્ટરેક્ટિવ ઍક્ટિવિટી કરાવી. સહેલી અને દીપમે ડીપ ટોક પ્રવૃત્તિ કરાવી. અંતે જય અને મિહિરે ગેમ રમાડી સમગ્ર વાતાવરણને આનંદમય બનાવી દીધું. સાંજે અલ્પાહાર બાદ વિશ્વા, જેસલ અને દિયાએ યોગી યૂથ કૅમ્પ ૨૦૨૬ વિષે માહિતી આપી. રાત્રે ટિમ બિલ્ડિંગ રમતો રમ્યાં.

૨૮ ડિસેમ્બરે સવારે સ્વયં ગુરુહરિ સાહેબદાદાએ લાઈવ વિડીયો કોલ દ્વારા આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના આશીર્વાદ પ્રાપ્ત થયા. લીડરશિપ સૅશનમાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંપ, સુહૃદભાવ, એકતા, ઉપાસના અને નિર્દોષબુદ્ધિ જેવા ગુણો વિષે અર્થસભર માહિતી તથા ઉદાહરણો રજૂ કરવામાં આવ્યાં. સ્કિલ્સ સૅશનમાં ઈવેન્ટ મૅનેજમેન્ટ અને પબ્લિક સ્પીકિંગ સ્કીલ વિષે પ્રવૃત્તિ કરાવવામાં આવી. સાધુ પૂ. હિંમતસ્વામીનાં માર્ગદર્શન હેઠળ ૨૦૨૬માં લંડન ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ યૂથ કન્વેન્શન વિષે વિચાર મંથન કરવામાં આવ્યું.

૨૯ ડિસેમ્બરના રોજ યુવાનેતાઓએ મંડળમાં થતી સભા માટે પ્રૅઝન્ટેશન દ્વારા માહિતી અને માર્ગદર્શન આપ્યું. રજત મહોત્સવના ભાગરૂપે અનુપમ મિશન સંસ્થા તરીકે સમાજ માટે વધુ ઉપયોગી બની શકાય તે અંગે પોતાના વિચારો રજૂ કર્યા. પૂર્ણાહુતિ સભામાં યુવાન-યુવતીઓએ અનુભવદર્શન કરાવી રિટ્રીટનું આયોજન કરવા માટે સાહેબદાદા, સદ્‌ગુરુ સંતો અને વ્યવસ્થાપકો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી. રાજવીએ મંડળના સર્વે ભક્તોનો હૃદયના ભાવથી આભાર માન્યો. સંજયભાઈ, પ્રકાશભાઈ, મિતુલભાઈ અને જયનને મહર્ષિભાઈ, તૃષિલભાઈએ પૂજન ને ખેસ અર્પણ કર્યાં તથા સાધુ પૂ. જયેશદાસજી, પૂ. આશિષદાસજીએ સ્મૃતિભેટ-મૂર્તિ આપી તેઓની ભક્તિને બિરદાવી.

વૈશાલીબહેન, સંજયભાઈ, સહેલીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. સાધુ પૂ. આશિષદાસજી, પૂ. જયેશદાસજીએ યૂથ પ્લાનિંગ કમિટીને અદ્‌ભુત પ્લાનિંગ માટે બિરદાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા. સૌ હકારાત્મક અને આનંદમય જીવન જીવવાનું ભાથું બાંધી વિસર્જિત થયાં. ◆


યોગી યૂથ લીડરશિપ રિટ્રીટમાં સંતોનાં સાંનિધ્યમાં યુવાનેતાઓ

## શ્રી ભીખુભાઈ પટેલ (C.V.M.)નાં અમૃતપર્વે અભિવાદન

૨૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ શાસ્ત્રી મેદાન, વલ્લભવિદ્યાનગર ખાતે ચારુતર વિદ્યામંડળ અને સી.વી.એમ. યુનિવર્સિટીના પ્રમુખ શ્રી ભીખુભાઈ પટેલના અમૃતપર્વની ઉજવણી ખૂબ જ આનંદ અને ધામધૂમથી કરવામાં આવી. ચરોતરની અનેક શૈક્ષણિક, સામાજિક અને

ધાર્મિક સંસ્થાઓ, ઉદ્યોગપતિઓ, શ્રી ભીખુભાઈના મિત્રો અને પરિવારે એકત્ર થઈ સન્માન કરી તેમણે કરેલ સમાજના તમામ વર્ગના વિકાસનાં યોગદાનને બિરદાવ્યું. આ પ્રસંગે મુખ્ય અતિથિરૂપે અબુધાબી બી.એ.પી.એસ. મંદિરના મુખ્ય સંત પરમ પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીજીએ પધારીને આશીર્વચનો પાઠવ્યાં. સંતભગવંત સાહેબદાદાની આજ્ઞાથી સાધુ પૂ. મનોજદાસજી, પૂ. પીટરદાસજી, નીલેશભાઈ (ફ્લૉરિડા) તથા અનુપમભાઈ (વડોદરા)એ આ ઉત્સવમાં પધારી શ્રી ભીખુભાઈનું સન્માન કરી સાહેબદાદાના આશીર્વાદ પાઠવ્યા. ◆

## શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષણા દિને નવા વર્ષને આવકાર

૩૧ ડિસેમ્બર એટલે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષણા દિન ! તે નિમિત્તે આખો દિવસ 'અક્ષરમહોલ'માં સૌએ ભેગાં મળી ધૂન કરી. સાંજે સૌ સંતો-વડીલોએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના ભક્તિ મહાયાગનો લાભ લીધો અને યુવાનો-યુવતીઓએ રમતગમતનો આનંદ માણ્યો. વર્ષાંત-૩૧ ડિસેમ્બરને યાદગાર બનાવવા અને નવા વર્ષને આધ્યાત્મિક ઉલ્લાસથી વધાવવા સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી સર્વ મંડળોમાં વિશેષ આયોજન થયાં. તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની પુનિત ઉપસ્થિતિમાં અનેરો આનંદ પ્રગટ્યો. સંધ્યા આરતી બાદ સૌએ મહાપ્રસાદનો આસ્વાદ માણ્યો. રાત્રે સભા યોજાઈ, જેમાં ગુરુસભાના યુવાનો દ્વારા શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષ પ્રસંગને ડ્રામા સ્વરૂપે તૈયાર કરાયો હતો, તેનાં સૌએ વિડીયો દર્શન કર્યાં. ત્યારબાદ સદ્‌ગુરુ સંતો પૂ. મનોજદાસજી અને પૂ. અશ્વિનદાદાના રૂડા આશીર્વાદ પ્રાપ્ત થયા. અંતે, સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કરી 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર'ના પ્રતાપ અને ગુરુની સ્મૃતિ સાથે કરાતી ધૂનના મહિમાની અદ્‌ભુત વાતો કરી. ૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની નિશ્રામાં




અનુપમ મિશન પરિવાર વતી શ્રી ભીખુભાઈ પટેલને અમૃતપર્વની શુભેચ્છાઓ

'અક્ષરમહોલ'માં શ્રી ઠાકોરજી સમક્ષ મહાપૂજાનો લાભ લઈ સૌએ નવા વર્ષનો આરંભ કર્યો. સામાન્ય રીતે આ દિવસોમાં જગતમાં થતા લૌકિક આનંદને છોડી ગુરુહરિ અને સંતોના સંગે વહેતા દિવ્ય બ્રહ્માનંદને માણવા સૌએ પધારી અદ્‌ભુત ભક્તિ અદા કરી. ◆

## શ્રી વડતાલધામ પદયાત્રા

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશિષથી પ્રતિ વર્ષની જેમ આ વર્ષે 'શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષા હીરક જયંતી' અને 'અનુપમ મિશનની સ્થાપનાની સુવર્ણ જયંતી'ના ભાગ રૂપે શ્રી વડતાલધામ પદયાત્રા રવિવાર, ૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યોજાઈ, જેમાં ભાગ લેવા દેશ-વિદેશનાં અનેક મંડળોનાં આબાલવૃદ્ધ અનેક સંતો-ભક્તોએ જોડાઈને ભક્તિ અદા કરી. આખા વર્ષ દરમિયાન ભગવાન અને ગુરુ રાજી ન થાય એવું કંઈ જિવાયું કે વર્તાયું હોય તેની શ્રી હરિકૃષ્ણ મહારાજના શ્રીચરણે માફી માંગવા અને આવનારા નૂતન વર્ષે ભગવાન અને ગુરુ પ્રસન્ન થાય તેવી ભક્તિ અદા કરવાની બુદ્ધિ અને શક્તિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરવાના શુભ ભાવથી આ પદયાત્રાનાં આયોજન થયાં.

વહેલી સવારે ૪:૧૫ વાગ્યે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર નૂતન મંદિરજીના પ્રાંગણમાં શ્રી ઠાકોરજી સમક્ષ સૌ સંતો-ભક્તોએ ધૂન-પ્રાર્થના કરીને પદયાત્રાનો આરંભ કર્યો. માર્ગમાં ચરોતર પ્રદેશના ભક્તોએ ગરમ ચા-બિસ્કિટની વ્યવસ્થા કરી, જેનો લાભ સૌ પદયાત્રીઓએ લીધો. શ્રી વડતાલ મંદિરે સવારે શણગાર આરતી પૂર્વે પહોંચી સૌએ ધૂન-પ્રાર્થના અને આરતી અર્પણ કરી ભક્તિ અદા કરી. ત્યારબાદ શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલના પરિસરમાં યોજેલ સભામાં સૌ પધાર્યાં.

સભામાં સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો અને નૂતન દીક્ષિત સંતોનાં સ્વાગત યુવાનોએ નૃત્ય, સંગીત અને ધૂનના તાલે ઉમંગથી પુષ્પો વરસાવી, ધજાઓ લહેરાવી ભક્તિભાવે કર્યાં. આ પ્રસંગે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની પુનિત ઉપસ્થિતિમાં ઈંગ્લૅન્ડથી ઑક્સફૉર્ડ સૅન્ટર ફૉર હિન્દુ સ્ટડીઝના નિયામક શ્રી શૌનક ઋષિદાસજી, ભચાઉથી ગવ્યસિદ્ધ વૈદ્યરાજ શ્રી રુદ્રાંશજી મહારાજ, અનુપમ મિશન ઈન્ટરનેશનલ કમિટીના પ્રમુખશ્રી સતીશભાઈ ચતવાણી, અનુપમ મિશન અમૅરિકાના પ્રમુખશ્રી ડૉ. જિતુભાઈ પટેલ તથા અનુપમ મિશન, ભારતનાં વિવિધ કેન્દ્રોનાં વડીલો, મહાનુભાવો, મહેમાનો અને ખૂબ મોટી સંખ્યામાં અક્ષરમુક્તો જોડાયાં. સભાપ્રારંભે મંચસ્થ સૌનાં પૂજન અને પુષ્પાર્પણ દ્વારા સ્વાગત કરાયાં. જેઓએ પદયાત્રા-ભક્તિ અદા કરી, તે સૌ પર સંતભગવંત સાહેબજીએ હાથ ઊંચા કરી આશીર્વાદ વરસાવી પ્રસન્નતા દર્શાવી. ત્યારબાદ સાધુ પૂ. સરજુદાસજી રચિત અને

રાહુલભાઈ દ્વારા સ્વરબદ્ધ કરાયેલ શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષાના મહિમાને ઉજાગર કરતા નૂતન કીર્તનનાં ગાન કરીને શ્રી યોગી યુવા સૂરવૃંદના યુવાનોએ ભક્તિભાવ રેલાવ્યા. ત્યારબાદ નવદીક્ષિત સંતોનાં સત્કાર-અભિવાદન કરાયાં. તે અંતર્ગત સાધુ પૂ. યજ્ઞેશદાસજી અને પૂ. પરેશદાસજીએ તેઓનાં પૂજન અને ખેસ અર્પણ કરી તથા યુવાનોએ વસ્ત્રભેટ અર્પણ કરી સન્માન કર્યાં. સભામાં યુવક દેવ પટેલે અનુપમ મિશનની સ્થાપનાના સુવર્ણ જયંતી પ્રસંગે તેના આરંભ અને સમાજસેવાનાં અનુપમ કાર્યોનો અદ્ભુત ઇતિહાસ ભક્તિભાવે વર્ણવ્યો.

શ્રી વડતાલધામ પદયાત્રા પ્રસંગે તૈયાર કરાયેલ વિશિષ્ટ કલાત્મક સ્મૃતિભેટનાં મુકતાર્પણ સંતભગવંત સાહેબજી સાથે શ્રી સતીશભાઈ અને ડૉ. જિતુભાઈ પટેલ દ્વારા કરાયાં, જે સ્મૃતિભેટ સૌને આપવામાં આવી. ત્યારબાદ પૂ. અશ્વિનદાદા, શ્રી શૌનક ઋષિદાસ અને શ્રી રુદ્રાંક્ષજી મહારાજે સુંદર આશીર્વાદ પ્રદાન કર્યા. પૂ. મનોજદાસજીએ શ્રી શૌનક ઋષિજી દ્વારા કરાયેલ અંગ્રેજી પ્રવચનના સાર સમજાવી માર્ગદર્શન આપ્યું. અંતે, સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં પદયાત્રીઓ અને વ્યવસ્થાપક સંતો-ભક્તોની ભક્તિને બિરદાવી. શ્રી વડતાલધામ રૂપ પાવન તીર્થસ્થાનનો મહિમા સમજાવી સૌ આધ્યાત્મિક અને આત્મિક પ્રગતિ કરી શકે તે માટે સદાય ધૂન કરતા રહેવાની જાગ્રતતા આપી. બારસોથી વધુ અક્ષરમુક્તોએ આ પ્રસંગે સત્સંગલાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી. ◆

## નર્મદા જિલ્લામાં ટી.બી.ના દર્દીઓને પૌષ્ટિક આહાર કીટનાં વિતરણ

અનુપમ મિશન દ્વારા 'અનુપમ સંજીવની હૅલ્થ અવૅરનેસ' (આશા) પ્રૉજેક્ટ અંતર્ગત નર્મદા જિલ્લાના અંતરિયાળ અને જરૂરિયાતમંદ વિસ્તારના લોકોને અનેક વર્ષોથી આરોગ્યલક્ષી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. છેલ્લાં થોડાં વર્ષોથી અનુપમ મિશન દ્વારા ટી.બી.ના દર્દીઓની સ્વાસ્થ્યસંભાળ અર્થે સક્રિયપણે સેવાકાર્ય હાથ ધરાયું છે.



શ્રી વડતાલધામ પદયાત્રામાં પધારેલ સંતો-ભક્તોને સાહેબજીનાં આશીર્દાન

સરકારશ્રીના ટી.બી. મુક્ત અભિયાનને સમર્થન આપતાં અનુપમ મિશન દ્વારા આ વિસ્તારના દર્દીઓને પોષણ આહાર કીટનાં સઘન વિતરણ કરાયાં છે. એક સંપન્ન આહાર આ પ્રકારના દર્દીઓ માટે આશીર્વાદ સમાન બની રહે છે, તેથી નિયમિતપણે અને મોટી સંખ્યામાં તેનાં વિતરણ કરાય છે જેની નોંધ સ્થાનિક વ્યવસ્થાપકીય કચેરીઓ, આરોગ્યશાખા અને અધિકારીઓ દ્વારા લેવાઈ છે. હાલમાં જિલ્લા ક્ષયકેન્દ્ર, છોટાઉદેપુર સાથે મળીને છોટાઉદેપુર, પાવીજેતપુર, કવાંટ, નસવાડી, તિલકપુરા અને સંખેડા આદિ વિવિધ ગામોનાં ૫૦૦થી વધુ ટી.બી. રોગના દર્દીઓ તેમજ સગર્ભા બહેનો-લાભાર્થીઓ માટે પૌષ્ટિક આહાર કીટ વિતરણ કરવામાં આવી. દર્દીની સારવાર શરૂ થાય ત્યારથી પૂર્ણ થાય ત્યાં સુધી નિયમિત સમયાંતરે અપાતી આ પોષણ આહાર કીટ દર્દીને સાજા થવામાં ખૂબ મદદ પૂરી પાડે છે તેમજ બીમારીના સમયમાં દર્દીઓને આર્થિક ભારણ ઘટાડે છે. સંતભગવંત સાહેબજીની આવા દર્દીઓ પર વહેતી અનુકંપાને સૌ કોઈ વંદે છે અને યથાશક્તિ સહયોગ આપે છે. ◆

## શ્રદ્ધાંજલિ



*** પૂજ્ય જ્યોતિબહેન દેસાઈ :** મોગરીમાં નિવાસ કરીને ભક્તિરત રહેલાં નિષ્ઠાવાન અક્ષરમુક્ત પૂ. જ્યોતિબહેન દેસાઈ ૧૭ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ૭૧ વર્ષની ઉંમરે અક્ષરધામ સિધાવ્યાં. જ્યોતિબહેન અને ભદ્રેશભાઈ વર્ષો સુધી બારડોલીમાં રહ્યાં તે દરમિયાન સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતો સાથે જીવની પ્રીતિ દૃઢ કરીને બારડોલીમાં સત્સંગની પ્રવૃત્તિઓનો આરંભ કર્યો. સમય જતાં ગુરુહરિની આજ્ઞાથી સઘળું છોડી મોગરીમાં સંતભગવંત સાહેબજી અને સંતોનાં સાંનિધ્યમાં રહેવા પધાર્યાં. જ્યોતિબહેનના સાથને પરિણામે ભદ્રેશભાઈ અનુપમ મિશનના કર્મયોગી સાધકો સાથે કર્મયોગમાં પ્રવૃત્ત રહ્યા. દીકરા દર્શનભાઈ કૅલિફૉર્નિયા મંડળમાં પરિવાર સાથે સક્રિયપણે સેવાપ્રવૃત્ત છે અને દીકરી કોમલબહેન સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના કાર્યાલયમાં સેવા-ભક્તિરત છે. આમ, આખા પરિવારે અનુપમ મિશનની સેવામાં સમર્પણ ધર્યું, જેના મૂળમાં જ્યોતિબહેનનો મહદ્ ફાળો રહ્યો. અત્યંત પ્રેમાળ અને સુહૃદ જ્યોતિબહેન દ્વારા સૌ પ્રત્યે અપાર આત્મીયતા છલકતી. શારીરિક બીમારી દરમિયાન પણ ભક્તિમાર્ગે તેઓ અડગ અને પ્રવૃત્ત રહ્યાં. આવાં અક્ષરમુક્ત અને માવતર સૌ માટે આદર્શ છે. તેઓનું ધામગમન પીડાદાયક છે, તેમ છતાં પરિવારનાં સૌએ પ્રભુનું કર્તાપણું સ્વીકારી સમતા અને ભક્તિનાં પ્રેરક દર્શન કરાવ્યાં, તે સૌને વંદન ! પૂજ્ય જ્યોતિબહેનને સાદર શ્રદ્ધાસુમન અર્પણ ! ◆